Shah Steel
SINCE - 1969
M.S.ANGEL, CHANNEL, BEAM, PLATE CRC, HR,G.I SHEETS M.S.FLAT, ROUND, SQUARE, BRIGHT BAR AND T.M.T BARS
WHOLESALE AND RETAIL STOCKIST & SUPPLIER
B-IND.129-A, UDHNA SANCH COMPLEX, NEW UDHNA DINDOLI ROAD, UDHYOG NAGAR, UDHNA, SURAT-394 210.
PH.: 0261 227962, 2277137 • E-mail : shahnco118@gmail.com
Mobile: 9377722118, 9374718583
SAIL | BALBIR | AM/NS INDIA | JSW | MONNET | JINDAL STEEL & POWER

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ એકમ શનિવાર ૧૮ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૪૯

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

**હોર્મુઝનો જળમાર્ગ સંપૂર્ણપણે ખુલ્લો મૂકાયો હોવાની ઈરાનની જાહેરાત**

# યુદ્ધના મોજાં શાંત: હોર્મુઝ ખુલી

**લેબેનોન**-ઇઝરાયેલ યુદ્ધવિરામને પગલે ઇરાને જાહેરાત કરી, ટ્રમ્પે જાહેરાતને આવકારી

**જો કે** યુદ્ધના અંતનો કરાર નહીં થાય ત્યાં સુધી અમેરિકી નૌકાદળ નાકાબંધી ચાલુ રાખશે

**અમેરિકાની** મદદથી ઇરાન હોર્મુઝની ખાડીમાંની સુરંગો હટાવી રહ્યું છે

## આવતા સપ્તાહે મંત્રણાનો બીજો રાઉન્ડ યોજવા પાકિસ્તાનમાં તૈયારીઓ

**દરમિયાન, પાકિસ્તાને આવતા અઠવાડિયા દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે બીજા રાઉન્ડની ઉચ્ચ સ્તરીય મંત્રણા યોજવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. અમેરિકા અને ઈરાને ગયા સપ્તાહના અંતે પાકિસ્તાનમાં દુર્લભ સીધી વાતચીત કરી હતી, પરંતુ તે કોઈ સમજૂતી વિના વહેલી સવારે સમાપ્ત થઈ હતી. શાંતિ સમજૂતીની શક્યતાઓને ત્યારે વધુ બળ મળ્યું જ્યારે પ્રમુખ ટ્રમ્પે ગુરુવારે**

...અનુસંધાન પાના 11 પર



## હોર્મુઝનો માર્ગ ખુલતા ઓઇલ ગગડ્યું, શેરબજારો ઉછળ્યા

**ક્રૂડ** ઓઇલના ભાવ ૧૦ ટકા ઘટી ગયા, બ્રેન્ટ ક્રૂડ 88.96 ડોલર પર

**અમેરિકી** શેરબજાર ઉંચુ ખુલ્યું, ડાઉ જોન્સ ૧૦૦૦ પોઇન્ટ ઉછળ્યો, યુરોપિયન શેરબજારોમાં મોટા ઉછાળા

**જો કે** ઇરાનની જાહેરાત પહેલા બંધ થઇ ગયેલા એશિયન બજારો નીચા રહ્યા

**ન્યૂયોર્ક.** ઈરાને હોર્મુઝની સામુદ્રધૂની સંપૂર્ણપણે ખુલ્લી હોવાનું જાહેર કર્યા પછી, જેનાથી તેલના ટેન્કરો ફરી પર્સિયન ગલ્ફમાંથી બહાર નીકળી શકશે અને વિશ્વભરના ગ્રાહકો સુધી ક્રૂડ ઓઈલ પહોંચાડી શકશે, શુક્રવારે તેલના ભાવમાં 10 ટકાથી વધુનો ઘટાડો થયો છે અને વોલ સ્ટ્રીટ વધુ એક રેકોર્ડ તરફ આગળ વધી રહ્યું છે. ડાઉ જોન્સ ૧૦૦૦ પોઇન્ટથી વધુ ઉછળ્યો હતો. અમેરિકન શેરબજાર સતત ત્રીજા અઠવાડિયે મોટા વધારા સાથે સમાપ્તિ તરફ આગળ વધી રહ્યું છે, જે હેલોવીન પછીનો સૌથી લાંબો તેજીનો તબક્કો છે; આ દરમિયાન સવારે શરૂઆતમાં S&P 500 માં ૧.૩ ટકાનો ઉછાળો આવ્યો હતો. અમેરિકાના પૂર્વીય સમય મુજબ સવારે 9:35 વાગ્યા સુધીમાં ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ 678 પોઈન્ટ અથવા 1.4 ટકા ઉપર હતો, એક તબક્કે તે ૧૦૨૦ પોઇન્ટ જેટલો વધ્યો હતો. નાસ્ડેક કમ્પોઝિટ 1 ટકા ઊંચો હતો. અમેરિકા અને ઈરાન વચ્ચેના યુદ્ધ છતાં બંને દેશો વૈશ્વિક અર્થતંત્ર માટેની અત્યંત ખરાબ પરિસ્થિતિને ટાળી શકશે તેવી આશામાં માર્ચના અંતમાં જોવા મળેલી નીચી

...અનુસંધાન પાના 11 પર

**તેહરાન/વોશિંગ્ટન, તા. 17 (PTI):** ઈરાને શુક્રવારે જણાવ્યું હતું કે હોર્મુઝની સામુદ્રધુની તમામ વ્યાપારી જહાજો માટે સંપૂર્ણપણે ખુલ્લી છે, જે પગલાને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આવકાર્યું છે.

ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચીએ X પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, લેબનોનમાં યુદ્ધવિરામને અનુરૂપ, હોર્મુઝની સામુદ્રધુનીમાંથી તમામ વ્યાપારી જહાજો પસાર થવા માટે યુદ્ધવિરામના બાકીના સમયગાળા માટે સંપૂર્ણપણે ખુલ્લી જાહેર કરવામાં આવે છે. મહત્વપૂર્ણ જળમાર્ગ ફરીથી ખોલવાની અરાઘચીની જાહેરાત પ્રમુખ ટ્રમ્પ દ્વારા લેબનોન અને ઈઝરાયેલ વચ્ચે 10 દિવસના યુદ્ધવિરામની જાહેરાત કર્યાના એક દિવસ બાદ આવી છે. જો કે, અરાઘચીએ કહ્યું હતું કે જહાજોએ ઈરાનના પોર્ટ્સ એન્ડ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન દ્વારા પહેલેથી જાહેર કરાયેલા સંકલિત માર્ગ પર જ આગળ વધવું જોઈએ.

થોડી મિનિટો પછી, પ્રમુખ ટ્રમ્પે પણ 'ટ્રુથ સોશિયલ' પર એક પોસ્ટમાં આ જાહેરાત શેર કરી હતી. ટ્રમ્પે હોર્મુઝની સામુદ્રધુનીનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ઈરાને હમણાં જ જાહેરાત કરી છે કે ઈરાનની સામુદ્રધુની સંપૂર્ણપણે ખુલ્લી છે અને જહાજોને પસાર થવા દેવા માટે તૈયાર છે. આભાર! અમેરિકા અને ઈઝરાયેલ સાથેના સંઘર્ષ બાદ ઈરાને હોર્મુઝની સામુદ્રધુનીને અસરકારક રીતે બ્લોક કરી દીધી હતી, જેનાથી વૈશ્વિક ઉર્જા પુરવઠો ખોરવાઈ ગયો હતો. જો કે, ટ્રમ્પે કહ્યું હતું કે જ્યાં સુધી તેહરાન યુદ્ધનો અંત લાવવા માટે અમેરિકા સાથે સમજૂતી ન કરે ત્યાં સુધી ઈરાન વિરુદ્ધ નૌકાદળની નાકેબંધી પૂર્ણ રીતે અમલમાં રહેશે. તેમણે ઉમેર્યું કે, હોર્મુઝની સામુદ્રધુની વ્યવસાય અને અવરજવર માટે સંપૂર્ણપણે ખુલ્લી છે, પરંતુ ઈરાન સાથેનો અમારો વ્યવહાર 100% પૂર્ણ ન થાય ત્યાં સુધી નૌકાબંધી ફક્ત ઈરાન પૂરતી જ અમલમાં રહેશે. આ પ્રક્રિયા ખૂબ જ ઝડપથી આગળ વધવી જોઈએ કારણ કે મોટાભાગના મુદ્દાઓ પર વાટાઘાટો થઈ ચૂકી છે. ઈરાને જણાવ્યું છે કે યુદ્ધવિરામ અમલમાં રહેશે ત્યાં સુધી હોર્મુઝનો જળમાર્ગ ખુલ્લો રહેશે જ્યારે ટ્રમ્પે જણાવ્યું છે કે હવે હોર્મુઝનો ઉપયોગ શસ્ત્ર તરીકે નહીં કરવા માટે અને તે કાયમ ખુલ્લો રાખવા માટે ઈરાન તૈયાર થયું છે. એમ પણ જણાવવામાં આવ્યું છે કે અમેરિકાની મદદથી ઈરાન હોર્મુઝની ખાડીમાંથી સમુદ્રી સુરંગો દૂર કરી રહ્યું છે.

આ ઘટનાક્રમ પાકિસ્તાનના ચીફ ઓફ ડિફેન્સ ફોર્સ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને ઉકેલવાના ઈસ્લામાબાદના પ્રયાસોના ભાગરૂપે તેહરાનમાં ઈરાનના ટોચના નેતૃત્વ સાથે વાતચીત કર્યાના એક દિવસ પછી આવ્યો છે. મુનીરે ગુરુવારે ઈરાનના પ્રમુખ મસૂદ પેઝેશ્કિયન, સંસદના અધ્યક્ષ મોહમ્મદ બાઘેર ગાલિબાફ અને ટોચના રિવોલ્યુશનરી ગાર્ડ્સ કમાન્ડરો સાથે મુલાકાત કરી હતી. મુનીર ગયા અઠવાડિયે ઈરાન અને અમેરિકા વચ્ચે થયેલા બે અઠવાડિયાના યુદ્ધવિરામ બાદ તેહરાનની મુલાકાત લેનારા પ્રથમ વિદેશી સૈન્ય નેતા છે. ઈરાની મીડિયા મુજબ, પાકિસ્તાની પ્રતિનિધિમંડળની મુલાકાતનો હેતુ ઈરાની નેતૃત્વને અમેરિકાનો સંદેશ પહોંચાડવાનો અને આગામી રાઉન્ડની વાટાઘાટોનું આયોજન કરવાનો હતો. આ સંઘર્ષ 28 ફેબ્રુઆરીએ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરાયેલા હુમલા બાદ શરૂ થયો હતો, જેમાં ઈરાનના સર્વોચ્ચ નેતા અલી ખામેની અને અનેક ટોચના કમાન્ડરો માર્યા ગયા હતા. અમેરિકા અને ઈરાન વચ્ચેનો વર્તમાન યુદ્ધવિરામ 21 એપ્રિલે સમાપ્ત થશે.

## હવે ટ્રમ્પ પોતે પાકિસ્તાન જવા માગે છે!

**વોશિંગ્ટન, તા. 17:** અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે શાંતિ કરાર કરવા માટે પોતે પાકિસ્તાનની મુલાકાત લેવાની તૈયારી દર્શાવી છે, જ્યારે બીજી તરફ તેમણે પોપ લિયો સાથેના યુદ્ધ અંગેના શાબ્દિક વિવાદને વધુ ઉગ્ર બનાવ્યો છે.

વ્હાઇટ હાઉસમાં પત્રકારો સાથે વાત કરતા રાષ્ટ્રપતિએ આ પ્રદેશમાં ચાલી રહેલી વાટાઘાટો અંગે આશાવાદ વ્યક્ત કર્યો હતો અને સંકેત આપ્યો હતો કે જો અંતિમ સમજૂતી થશે તો તેઓ ઈસ્લામાબાદની મુસાફરી કરશે. ટ્રમ્પે કહ્યું, હું જઈશ. પાકિસ્તાન શાનદાર રહ્યું છે. તેઓ ખૂબ જ સારા રહ્યા છે. ઈસ્લામાબાદ... હું કદાચ જઈશ, હા. જો ઈસ્લામાબાદમાં કરાર પર હસ્તાક્ષર થશે, તો હું કદાચ જઈશ. તેઓ હાલમાં ઉપપ્રમુખ જેડી વેન્સને સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશ્નરની સાથે શાંતિ વાટાઘાટોનું નેતૃત્વ કરવા મોકલી રહ્યા છે. અમેરિકી પ્રમુખે પાકિસ્તાનના નેતાઓના અને સૈન્ય નેતૃત્વના ખૂબ વખાણ કર્યા હતા, ખાસ કરીને વડાપ્રધાન શહબાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીરના નામ લીધા હતા. ટ્રમ્પે ઉમેર્યું, તેમના ફિલ્ડ માર્શલ શાનદાર છે, અને વધુમાં કહ્યું કે વડાપ્રધાન ખરેખર ખૂબ સારા રહ્યા છે.

'મારે જે સાચું છે તે જ કરવું પડશે. પોપે તે સમજવું પડશે. બહુ સરળ વાત છે, મારે પોપ સામે કંઈ લેવા-દેવા નથી. 'હું તેમની સાથે લડી રહ્યો નથી. પોપે એક નિવેદન આપ્યું હતું. તેઓ કહે છે કે ઈરાન પાસે પરમાણુ હથિયાર હોઈ શકે છે.' એમ ટ્રમ્પે પોપ વિશે કહ્યું હતું.

# મહિલા અનામત સુધારા ખરડો લોકસભામાં પરાસ્ત

**તરફેણમાં** ૨૯૮ અને વિરુદ્ધમાં ૨૩૦ મતો પડ્યા, બે તૃતિયાંશ બહુમતિ મળી નહીં

**બંધારણીય** ખરડો હોવાથી બે-તૃતિયાંશ બહુમતિ જરૂરી હતી

**આ ખરડો** પસાર ન થઇ શકતા સંલગ્ન અન્ય બે સાદા ખરડા પર મત લેવાયો નહીં

**નવી દિલ્હી, તા. 17 :** લોકસભાએ શુક્રવારે એક એવા બિલને ફગાવી દીધું હતું જે મહિલા અનામતના અમલીકરણને ઝડપી બનાવવા અને નવી વસ્તી ગણતરી કર્યા વિના મતવિસ્તારોનું ફેરસીમાંકન કરવાની જોગવાઈ ધરાવતું હતું. આ બંધારણીય સુધારા ખરડો ૨૦૨૯માં મહિલાઓને ધારાગૃહોમાં ૩૩ ટકા અનામત બેઠકો આપવાની જોગવાઈ ધરાવતો હતો.

મતદાનમાં ભાગ લેનારા 528 સભ્યોમાંથી 298 સભ્યોએ બિલનું સમર્થન કર્યું હતું, જ્યારે 230 સભ્યોએ તેનો વિરોધ કર્યો હતો. આ ખરડો શાસક ગઠબંધન નેશનલ ડેમોક્રેટિક એલાયન્સને જરૂરી બે-તૃતીયાંશ બહુમતી માટે જોઈતા 352 મતો મેળવવામાં નિષ્ફળ રહ્યો હતો. આ બંધારણીય ખરડો હોવાથી તેને બે-તૃતિયાંશ બહુમતિ મળવી જરૂરી હતી, સાદી બહુમતિથી તે પસાર થઇ શકે તેમ ન હતું. આ ખરડાનો ઉદ્દેશ્ય સીમાંકન માટે નવી વસ્તી ગણતરીની આવશ્યકતાને બાયપાસ કરવાનો હતો, જે જોગવાઈ સંસદ અને ધારાસભાઓમાં મહિલા ક્વોટાના અમલીકરણ માટે કેન્દ્રસ્થાને રહી છે. બંધારણીય(૧૩૧મો સુધારો) ખરડો, ૨૦૨૬ પસાર કરાવવા માટે સરકારને બે તૃતિયાંશ બહુમતિની જરૂર હતી. આ બિલ જરૂરી બે-તૃતીયાંશ બહુમતી મેળવવામાં નિષ્ફળ ગયા પછી, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ સ્પીકર ઓમ બિરલાને અન્ય બે ખરડાઓ - 'સીમાંકન બિલ, 2026' અને 'કેન્દ્રશાસિત પ્રદેશ કાયદા (સુધારો) બિલ, 2026' બાબતે આગળ ન વધવા વિનંતી કરી હતી. આ ઘટનાક્રમ 16 થી 18 એપ્રિલ સુધી બોલાવવામાં આવેલા સંસદના ત્રણ દિવસીય વિશેષ સત્ર દરમિયાન સામે આવ્યો છે, જે નારી શક્તિ વંદન અધિનિયમ અથવા મહિલા અનામત અધિનિયમમાં સુધારા કરવા માટે બોલાવવામાં આવ્યું હતું. આ કાયદો લોકસભા અને રાજ્યની વિધાનસભાઓમાં મહિલાઓ માટે 33 ટકા અનામતની જોગવાઈ કરે છે.

સૂચિત સુધારાઓનો ઉદ્દેશ્ય 2029 સુધીમાં ક્વોટાના અમલીકરણને સક્ષમ બનાવવાનો હતો. આ સુધારાઓ દ્વારા આગામી સામાન્ય ચૂંટણીઓ પહેલા અનામત માળખાને કાર્યરત કરવા માટે લોકસભાની બેઠકોની સંખ્યા વર્તમાન 543 થી

...અનુસંધાન પાના 11 પર

## મહિલા અનામતના મૂળ કાયદાને મધરાતે જાહેરનામુ બહાર પાડીને લાગુ પાડી દેવાયો

**નવી દિલ્હી.** કેન્દ્ર સરકારે મહિલા અનામત કાયદો એટલે કે 'નારી શક્તિ વંદન અધિનિયમ, 2023'ને 16 એપ્રિલ 2026થી લાગુ કરી દીધો છે. સંસદમાં ગુરુવારથી જ તેના સુધારા પર 3 દિવસ માટે ચર્ચા શરૂ થઈ હતી. આ દરમિયાન, મધ્યરાત્રિએ મૂળ કાયદો લાગુ કરવાનું નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. આનો અર્થ એ છે કે મહિલા અનામતના જે કાયદામાં સુધારાની વાત કરવામાં આવી રહી હતી, તે લાગુ જ થયો નહોતો. સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, કાયદામાં ફેરફાર ત્યારે જ થઈ શકે છે જ્યારે તે લાગુ થઈ ચૂક્યો હોય. અચાનક સરકારી નોટિફિકેશન બહાર પાડવા પાછળનું કારણ આ જ છે. જો કે, કાયદો લાગુ થવા છતાં સંસદ અને રાજ્ય વિધાનસભામાં મહિલાઓને 33% અનામત તરત જ મળશે નહીં. 2023ના કાયદા મુજબ, આ અનામત 2027ની વસ્તી ગણતરી અને તેના આધારે થનારા ફેરસીમાંકન પછી જ લાગુ કરી શકાશે. આ દરમિયાન વિપક્ષે શુક્રવારે સંસદમાં સવાલ ઉઠાવ્યો હતો કે જ્યારે 2023નો કાયદો લાગુ જ નહોતો, તો તેમાં સુધારાનું બિલ કેવી રીતે લાવવામાં આવ્યું? કોંગ્રેસના સાંસદ કે.સી. વેણુગોપાલે

...અનુસંધાન પાના 11 પર

## વિપક્ષોએ મહિલાઓને અનામતથી વંચિત રાખી: અમિત શાહ

ખરડો પસાર ન થઈ શકતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ, TMC, DMK અને સપા પર પ્રહારો કર્યા હતા અને આ પક્ષોને કારણે જ ખરડો પસાર ન થઈ શક્યો હોવાનું જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ખરડો પસાર ન થતા વિરોધ પક્ષો જે રીતે ઉજવણી કરી રહ્યા હતા અને વિજયના નારા લગાવી રહ્યા હતા, તે કલ્પના બહારનું અને અત્યંત નિંદનીય છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર હિન્દીમાં એક પોસ્ટ દ્વારા જણાવ્યું હતું કે, હવે દેશની મહિલાઓને લોકસભા અને વિધાનસભામાં 33 ટકા અનામત નહીં મળી શકે, જે તેમનો અધિકાર હતો. કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ આવું પહેલીવાર નથી કર્યું, પરંતુ વારંવાર કર્યું છે. તેમની માનસિકતા ન તો મહિલાઓના હિતમાં છે અને ન તો દેશના હિતમાં.

## આ ખરડાનો ઉદ્દેશ નારી ઉત્થાનનો નહીં પણ ચૂંટણી માળખાને બદલવાનો હતો: રાહુલ

આ ઘટનાક્રમ પર પ્રતિક્રિયા આપતા લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ આ બિલને દેશના ચૂંટણી માળખાને બદલવાનો પ્રયાસ ગણાવ્યો હતો. સંસદની બહાર પત્રકારો સાથે વાત કરતા રાહુલ ગાંધીએ કહ્યું, અમે લોકસભામાં બિલને હરાવી દીધું છે. અમે હંમેશા કહ્યું છે કે આ ખરડાનો ઉદ્દેશ્ય મહિલાઓના ઉત્થાનનો નહોતો, પરંતુ દેશના ચૂંટણી માળખાને બદલવાનો પ્રયાસ હતો. હું વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મહિલા અનામત બિલ 2023 લાગુ કરવા માટે કહી રહ્યો છું અને સમગ્ર વિપક્ષ તમને તેમ કરવામાં મદદ કરશે.

# મુકેશ અંબાણીને પાછળ કરી એશિયાના નવા 'બિઝનેસ કિંગ' બન્યા ગૌતમ અદાણી

**ગૌતમ** અદાણીની કુલ સંપત્તિ 92.6 બિલિયન ડોલર પર પહોંચી, જ્યારે અંબાણીની 90.8 બિલિયન ડોલરની રહી

**અદાણી** વિશ્વના અબજોપતિઓની યાદીમાં 19મા સ્થાને, અંબાણી 20મા સ્થાને, વિશ્વના ટોચના 20 ધનિકોમાંથી 7 અબજોપતિઓને મોટું નુકસાન થયું

### વિશ્વના ટોચના 10 ધનિકોની યાદી

| ક્રમ | નામ | કુલ સંપત્તિ |
|---|---|---|
| 1. | એલન મસ્ક | 656 બિલિયન ડોલર |
| 2. | લેરી પેજ | 286 બિલિયન ડોલર |
| 3. | જેફ બેઝોસ | 269 બિલિયન ડોલર |
| 4. | સર્ગેઇ બ્રિન | 266 બિલિયન ડોલર |
| 5. | માર્ક ઝુકરબર્ગ | 239 બિલિયન ડોલર |
| 6. | લેરી એલિસન | 230 બિલિયન ડોલર |
| 7. | માઇકલ ડેલ | 170 બિલિયન ડોલર |
| 8. | જેન્સન હુઆંગ | 164 બિલિયન ડોલર |
| 9. | બર્નાર્ડ આર્નોલ્ટ | 164 બિલિયન ડોલર |
| 10. | જીમ વોલ્ટન | 150 બિલિયન ડોલર |

### ભારતના ટોચના 10 ધનિકોની યાદી

| ક્રમ | નામ | કુલ સંપત્તિ |
|---|---|---|
| 1. | ગૌતમ અદાણી | 92.6 બિલિયન ડોલર |
| 2. | મુકેશ અંબાણી | 90.8 બિલિયન ડોલર |
| 3. | લક્ષ્મી મિત્તલ | 36.9 બિલિયન ડોલર |
| 4. | શિવ નાદર | 33.5 બિલિયન ડોલર |
| 5. | શાપૂર મિસ્ત્રી અને ફેમિલી | 33.2 બિલિયન ડોલર |
| 6. | સાવિત્રી જિંદાલ | 32.7 બિલિયન ડોલર |
| 7. | સુનીલ મિત્તલ અને ફેમિલી | 25.1 બિલિયન ડોલર |
| 8. | દિલીપ સંઘવી | 24.2 બિલિયન ડોલર |
| 9. | અઝીમ પ્રેમજી | 22.5 બિલિયન ડોલર |
| 10. | કુમાર મંગલમ બિરલા | 22.4 બિલિયન ડોલર |

**નવી દિલ્હી, તા. 17:** અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના મુકેશ અંબાણીને પાછળ છોડીને ફરી એકવાર એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બનવાનું બહુમાન મેળવ્યું છે. બ્લૂમબર્ગ બિલિયોનર્સ ઈન્ડેક્સના તાજેતરના આંકડા અનુસાર, 17 એપ્રિલ, 2026 સુધીમાં ગૌતમ અદાણીની કુલ સંપત્તિ વધીને 92.6 બિલિયન ડોલર પર પહોંચી ગઈ છે. આ સાથે તેઓ વિશ્વના સૌથી ધનિક લોકોની યાદીમાં 19મા ક્રમે પહોંચી ગયા છે.

બીજી તરફ, મુકેશ અંબાણીની કુલ સંપત્તિ અત્યારે 90.8 બિલિયન ડોલર નોંધાઈ છે, જેના કારણે તેઓ એશિયામાં બીજા સ્થાને અને વૈશ્વિક સ્તરે 20મા ક્રમે ખસી ગયા છે. શેરબજારમાં અદાણી ગ્રુપના શેરોમાં આવેલા ઉછાળાને કારણે છેલ્લા એક જ દિવસમાં ગૌતમ અદાણીની સંપત્તિમાં આશરે 3.56 બિલિયન ડોલરનો મોટો ફાયદો થયો છે. આ વર્ષે અદાણીની સંપત્તિમાં 8.1 બિલિયન ડોલરનો વધારો થયો છે, જ્યારે મુકેશ અંબાણીની સંપત્તિમાં આ વર્ષે અત્યાર સુધીમાં 16.9 બિલિયન ડોલરનો મોટો ઘટાડો જોવા મળ્યો છે.

ગુરૂવારે ભારતીય શેરબજાર નજીવા ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જેમાં અદાણી ગ્રુપના શેરો વધ્યા હતા, જેની કુલ સંપત્તિ 3.56 બિલિયન ડોલર વધી હતી, જ્યારે ગઈકાલે રિલાયન્સનો શેર સપાટ રહ્યો હતો.

વૈશ્વિક સ્તરે સંપત્તિના ઘટાડાની વાત કરીએ તો, ટોચના 20

...અનુસંધાન પાના 11 પર

# બેવડી નાગરિકતા કેસ: રાહુલ ગાંધી સામે FIR દાખલ કરવા હાઇકોર્ટનો આદેશ

**રાહુલ** ગાંધી પાસે બ્રિટિશ નાગરિકતા પણ હોવાની શંકાના આધારે થયેલી એક અરજીની સુપ્રીમે સુનાવણી કરી

**આ બાબતે** તપાસ જરૂરી હોવાનું હાઇકોર્ટે જણાવ્યું, ભારતમાં બે દેશોની નાગરિકતા માન્ય નથી

**નવી દિલ્હી, તા. 17 :** અલ્હાબાદ હાઈકોર્ટે શુક્રવારે અવલોકન કર્યું હતું કે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી બેવડી નાગરિકતા ધરાવતા હોવાના આક્ષેપોની તપાસ જરૂરી છે અને લોકસભાના વિપક્ષના નેતા વિરુદ્ધ FIR નોંધવા માટે પોલીસને આદેશ આપ્યો હતો. હાઈકોર્ટની લખનૌ બેન્ચે ઉત્તર પ્રદેશ સરકારને આ મામલે પોતે તપાસ કરવા અથવા તપાસ કોઈ કેન્દ્રીય એજન્સીને સોંપવા નિર્દેશ આપ્યો છે.

આ અવલોકન ભાજપના કાર્યકર એસ. વિગ્નેશ શિશિર દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન આવ્યું હતું, જેમણે લખનૌની વિશેષ MP/MLA કોર્ટના ૨૮ જાન્યુઆરીના આદેશને પડકાર્યો હતો. નીચલી અદાલતે કોંગ્રેસ નેતા વિરુદ્ધ FIR નોંધવાની તેમની અરજીને ફગાવી દીધી હતી. અગાઉ, વિશેષ અદાલતે એવું ઠેરવ્યું હતું કે તેની પાસે નાગરિકતા સંબંધિત મુદ્દાઓ પર નિર્ણય લેવાની સત્તા નથી અને

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૭-૦૪-૨૦૨૬નું વડોદરા શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૯.૮° સે. | ૨૪.૮° સે. | ૧૯% |